જા.નં.મા-૨/૨૦૨૬/1642

તા.૨૨/૦૧/૨૦૨૬ 23

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક શાળાઓ તમામ,

આ સાથે સામેલ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં.જીસીઇઆરટી/દૂરવર્તી શિક્ષણ/૨૦૨૬/૧૬૧૮-૧૭૪૭,તા.૧૨/૦૧/૨૦૨૬નો પત્ર અન્વયે આપની કક્ષાએથી અલમ કરવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લા-સુરત

બિડાણ: ઉક્ત પત્રની નકલ

NIPUN
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

નિયામક

1618 - 1747.
ક્રમાંક: જીસીઇઆરટી/દૂરવર્તી શિક્ષણ/2026/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
વિદ્યાભવન, સેક્ટર - 12, ગાંધીનગર
ફોન: (079) 23256808 - 39
ઇ-મેઇલ: gcert12@gmall.com
વેબસાઈટ: www.gcert.gujarat.gov.in
તારીખ : / 01 / 2026
12 JAN 2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારી, તમામ

વિષય : NEP-2020 અને NCF-SE 2023 મુજબ સરકારી, અનુદાનિત અને બિન-અનુદાનિત શાળાઓનાં ધોરણ 1 થી 8નાં બાળકોના મનોશારીરિક વિકાસ તેમજ રમત-ગમત, યોગ, સૂર્યનમસ્કાર, પ્રોજેક્ટ કાર્ય, ચિત્ર, સંગીત, પ્રિ-વોકેશનલની પ્રવૃત્તિ અને આનંદદાયી શનિવાર બાબત

સંદર્ભ: (1) NEP 2020 પ્રકરણ નં. 4 મુદ્દા નં.4.9
(2) NCF-SE 2023 પ્રકરણ નં-8 મુદ્દા નં.8.2
(3) જીસીઈઆરટી સિંગલ ફાઇલ નં. 12/2025 ની તા.03/01/2026ની સરકારશ્રીની મંજુરી

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે પ્રથમ સત્રમાં આપના હસ્તકની સરકારી, અનુદાનિત તેમજ બિન-અનુદાનિત તમામ પ્રાથમિક શાળાઓમાં દર શનિવારે 'આનંદદાયી શનિવાર' તેમજ 'બેગલેસ ડે' ની પ્રવૃત્તિઓ કરવામાં આવેલ છે. બીજા સત્રમાં પણ આ પ્રવૃત્તિ ચાલુ રહેશે.

તમામ સરકારી તેમજ અનુદાનિત અને બિન-અનુદાનિત પ્રાથમિક શાળાઓના શિક્ષકો માટે આનંદદાયી શનિવાર મોડ્યુલ-1 અને 2 તેમજ 10-બેગલેસ ડે અંતર્ગત પ્રિ-વોકેશનલ મોડ્યુલની તાલીમ ડિસેમ્બર-2025 દરમ્યાન શાળા દીઠ એક એક શિક્ષકને આપવામાં આવેલ છે. તેમજ આ એક એક શિક્ષક દ્વારા અન્ય શિક્ષકોને આ તાલીમ આપવામાં આવી હશે. 'આનંદદાયી શનિવાર મોડ્યુલ-1', 'આનંદદાયી શનિવાર મોડ્યુલ-2 તેમજ '10- બેગલેસ ડે પ્રિ-વોકેશનલ મોડ્યુલ' ઉપરોકત તાલીમ દરમ્યાન આપવામાં આવેલ છે. વધુમાં, આ મોડ્યુલ્સ જીસીઈઆરટીની વેબસાઇટ પર પણ મૂકવામાં આવેલ છે જેના QR-CODE નીચે આપેલ છે.

આથી રાજ્યની દરેક સરકારી, અનુદાનિત અને બિન-અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં પ્રથમ સત્રની જેમજ બીજા સત્રમાં દર શનિવારે આ પ્રવૃત્તિઓનું આયોજન થાય તે સુચના આપવા તેમજ તેમની અમલવારી થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

મોડ્યુલ્સને ખોલવા માટેના QR-CODE :

| આનંદદાયી શનિવાર મોડ્યુલ-1 | આનંદદાયી શનિવાર મોડ્યુલ-2 | 10- બેગલેસ ડે પ્રિ-વોકેશનલ મોડ્યુલ |
|---|---|---|
| | | |

(પ્રકાશ કે. ત્રિવેદી)
નિયામક
જીસીઈઆરટી, ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારુ:**

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-2, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. અગ્રસચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર

**નકલ રવાના યોગ્ય કાર્યવાહી સારુ:**

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તમામ
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ (મારફત સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી)
- બી.આર.સી., યુ.આર.સી., સી.આર.સી. કો-ઓર્ડીનેટરશ્રી તમામ (મારફત સંબંધિત જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરશ્રી)
- કેળવણી નિરીક્ષકશ્રી તમામ (મારફત સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી)
- આચાર્યશ્રી, સરકારી, અનદાનિત તેમજ બિન અનુદાનિત પ્રાથમિક શાળાઓ તમામ (મારફત સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રી).